**પોલીસ સલાહકાર સમિતિની રચના બંધારણ નક્કી કરવા બાબત..**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએસી–૧૦૮૧ – એમએચ– ૪૦ – મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– ૧૫.૧૨.૯૮

વંચાણે લીધા : સરકારી ઠરાવ ગૃહ વિભાગ, ક્રમાંક: પીએસી -૧૦૮૧/એચએચ/૪૦/મ તા. ૩.૮.૯૦ તથા તા. ૨૯.૧૧.૯૦.

<u>ઠ રા વ : –</u>

આમુખમા દર્શાવેલ વિભાગના સરખા ક્રમાંકના તા. ૩.૮.૯૦ તથા તા. ૨૯.૧૧.૯૦ ના ઠરાવોથી પોલીસ સલાહકાર સમિતિની રચના કરવા માટે જે નવું બંધારણ નક્કી કરવામાં આવેલ છે તેમાં સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે રાજયની દરેક પોલીસ સલાહકાર સમિતિમાં સંબંધિત વિસ્તારના સંસદ સભ્ય શ્રી / ધારાસભ્યશ્રીઓનો પણ સમાવેશ કરવાનો નિર્ણય લીધેલ છે.

આ નિર્ણયના સંદર્ભમાં રાજયની દરેક પોલીસ સલાહકાર સમિતિના બંધારણમાં નીચે દર્શાવ્યા મુજબનો સુધારો કરવામાં આવે છે.

અમદાવાદ શહેર માટેની પોલીસ સલાહકાર સમિતિ, અમદાવાદ શહેર સિવાયના પોલીસ કમિશનરેટ શહેરી વિસ્તાર માટેની પોલીસ સલાહકાર સમિતિ અને રાજયની દરેક જિલ્લા પોલીસ સલાહકાર સમિતિમાં સંબંધિત વિસ્તારના તમામ સંસદ સભ્યસભ્યશ્રીઓ અને વિધાનસભાના સભ્યશ્રીઓ હોદ્દાની રૂએ બિનસરકારી સભ્ય તરીકે આપોઆપ નિમણુંક પામેલ ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/
( બી. સી. યાદવ )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર. // સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, // સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
સર્વે જીલ્લા પોલીસ અધિકારી શ્રી // મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી
રાજયકક્ષા મંત્રીશ્રી (ગૃહ ) ના અંગત સચિવશ્રી,
તમામ સંસદ સભ્યશ્રીઓ / વિધાનસભાના સભ્યશ્રીઓ.